**ફોજદારી કેસ નંબર : ૧૧૦/૨૦૧૯**

**–:: આંક : ૧ હેઠળ હુકમ ::–**

સદર કામે આજરોજ પોકાર કરતા ફરીયાદી હાજર નથી. ફરીયાદી તર્ફે વિ.વ.શ્રી હાજર છે. હાલની ફરીયાદ એન.આઈ.એક્ટની કલમ–૧૩૮ મુજબ દાખલ કરવામાં આવેલ છે સદર કામે રેકર્ડ જોતા સદર કામ ઘણા લાંબા સમયથી આરોપીને બજવણી માટે ચાલતું આવેલ છે. પરંતુ ત્યારબાદ આરોપીને બજવણી માટેની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી કે આરોપીનુ કોઈ નવુ સરનામુ રજુ કરેલ નથી. સદર કામે ફરીયાદી દ્વારા આજદિન સુધી આરોપીને બજવણી માટે કોઈ દરકાર લેવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં હાલની ફરીયાદ ચલાવવામાં ફરીયાદીને કોઈ રસ જણાતો ન હોય અને નામ. ગુજરાત હાઈકોર્ટની વારંવારની સૂચનાઓને ધ્યાને લઈ હાલનો કેસ જુનો હોય તથા સી.આર.પી.સી.ની કલમ–૨૫૬ વંચાણે લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**–:: હુકમ ::–**

(૧) હાલની ફરીયાદ ફરિયાદીની ગેરહાજરીના કારણે ડિસમીસ ફોર ડિફોલ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

હુકમ આજ **તારીખ :** ૦૭, **માહે :** જુલાઈ , **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૦૭–૦૭–૨૦૨૬
**બારડોલી.**

**( જયેશ લક્ષ્મણભાઈ પરમાર )**
જયુ.મેજિ.ફ.ક.**,** બારડોલી.
U.I. CODE- GJ01441